# HGH INDIA® 2026

HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

Jun 30-Jul 03, 2026. Bombay Exhibition Center, Mumbai

# NEWS 2

A TEXZONE Event

Where business feels at home!


## પડકારો હોવા છતાં ભારતીય ઘરેલું ઉત્પાદનોના

# માર્કેટમાં વપરાશમાં વધારો

ભારતીય હોમ અને લાઇફસ્ટાઇલ ટ્રેડ નાણાકીય વર્ષના બીજા છ માસિક ગાળામાં પ્રવેશી રહ્યો છે, જેને સપ્લાય ચેઇનમાં સામેલ દરેક ભાગીદાર પાસેથી વધુ અપેક્ષાઓ છે. વધી રહેલી કિંમતો, સપ્લાય ચેઇનમાં થઈ રહેલા પુનર્ગઠન તથા વૈશ્વિક સ્તરે પ્રવર્તતી અનિશ્ચિતતાઓને કારણે ઉત્પાદકો, બ્રાન્ડ્સ અને રીટેઇલર્સ તેમની લાંબા સમયથી અમલમાં રહેલી સૉર્સિંગ અને સપ્લાયની વ્યૂહરચનાઓનું ફરીથી મૂલ્યાંકન કરવા પ્રેરાયા છે.

ભારતીય હોમ ટ્રેડ માટે આ પરિસ્થિતિ વિક્ષેપ નહીં પરંતુ પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપનારું પરિબળ બની રહી છે. ઘરેલું માર્કેટમાં વપરાશ વિતરણનું આંતરમાળખું તેની સાથે તાલમેલ મિલાવી શકે તેના કરતાં વધુ ઝડપથી વિકસી રહ્યો છે. વૈશ્વિક ભૂ-રાજકીય પરિસ્થિતિ તથા સપ્લાય અને કિંમતોને લઈને પ્રવર્તતી અનિશ્ચિતતાએ અનેક કિસ્સાઓમાં ઘરેલું સૉર્સિંગના મહત્વને વધુ મજબૂત બનાવ્યું છે અને તેને વ્યાપારી દૃષ્ટિએ વધુ તાકીદની જરૂરિયાત બનાવી દીધી છે. જે રીટેઇલર્સ અગાઉ આયાત પર આધારિત વસ્તુ-વૈવિધ્ય પર નિર્ભર રહેતા હતા, તેઓ હવે ભારતીય ઉત્પાદકો સાથે વધુ ગંભીરતાપૂર્વક ચર્ચા-વિચારણા કરી રહ્યા છે. નિકાસને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલી ભારતીય બ્રાન્ડ્સ હવે ઘરેલું માર્કેટમાં વધુ તકો શોધી રહી છે.

ભારતીય ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવા તેમજ તેમને વધુ સારી અને સુસંગત ગુણવત્તા પ્રાપ્ત થાય, તેમનું આરોગ્ય અને એકંદર સુખાકારી જળવાઈ રહે તે માટે ભારત સરકાર તમામ ઉત્પાદક કેટેગરીઓ (પછી તે ભારતીય હોય કે આંતરરાષ્ટ્રીય)માં તમામ ભાગીદારો માટે બીઆઇએસ સ્ટાન્ડર્ડ્સના અમલીકરણને વધુને વધુ પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રક્રિયા પણ ભારતીય માર્કેટમાં ગુણવત્તા, સલામતી અને અનુપાલન માટેના ધોરણોને વધુ ઊંચા બનાવીને આ પરિવર્તનને ટેકો આપી રહી છે. આ પ્રક્રિયા ઘરેલું ઉત્પાદકો માટે વધુ સુવ્યવસ્થિત અને વિશ્વસનીય ઇકોસિસ્ટમનું નિર્માણ કરવામાં મદદરૂપ થઈ રહી છે, સાથે જ સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલસામાન પ્રત્યે ખરીદદારોનો વિશ્વાસ પણ વધારી રહી છે. તેની સાથે, લાંબા ગાળાની કટિબદ્ધતા સાથે ભારતીય માર્કેટ માટે વિશિષ્ટ, સુઆયોજિત તથા સતત ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉત્પાદનો પૂરી પાડતી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને ઉત્પાદકોને પણ ભારતમાં એક આકર્ષક તથા લાભદાયી માર્કેટ પ્રાપ્ત થશે.

એકંદરે, તેના પરિણામે વધુ સક્રિય અને પ્રતિક્રિયાશીલ વ્યાપારી માહોલનું નિર્માણ થઈ રહ્યું છે, જ્યાં ડીઝાઇન, ઉત્પાદન અને રીટેઇલ શેલ્ફ વચ્ચેનું અંતર સતત ઘટી રહ્યું છે.

એચજીએચ ઈન્ડિયા 2026 આવા જ સમયે યોજાઈ રહ્યો છે. 30 જૂનથી 03 જુલાઈ દરમિયાન બોમ્બે એક્ઝિબિશન સેન્ટરના ત્રણ હોલમાં યોજાનારો આ શૉ ફ્લોર એવા માર્કેટનું પ્રતિબિંબ રજૂ કરે છે, જે આગળ વધતા પહેલાં પરિસ્થિતિઓ સ્થિર થાય તેની રાહ જોતું નથી.

એચજીએચ ઈન્ડિયા ટીમ





PRODUCT INNOVATION AWARDS

## એચ-સર્કલ પ્રોડક્ટ ઇનોવેશન એવોર્ડ્સ

હવે પોતાની પાંચમી આવૃત્તિમાં પ્રવેશી ચૂકેલા એચ-સર્કલ પ્રોડક્ટ ઇનોવેશન એવોર્ડ્સ ભારતીય હોમ અને લાઇફસ્ટાઇલ ટ્રેડમાં સૌથી વિશ્વસનીય સન્માન તરીકેની પોતાની આગવી ઓળખ સ્થાપી ચૂક્યા છે, જે ડીઝાઇન, કાર્યક્ષમતા, સામગ્રી તથા ઉત્પાદનના વિકાસ ક્ષેત્રે નવા વિચારોને બિરદાવે છે. છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન, આ એવોર્ડ્સ ઇન્ડસ્ટ્રીના બેન્ચમાર્ક તરીકે એક પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે, જે બ્રાન્ડ્સ અને ઉત્પાદકોને ઉત્પાદનના નવીનીકરણ તથા માર્કેટમાં પ્રાસંગિકતાની સીમાઓને વધુ વિસ્તારવા માટે પ્રોત્સાહિત કરે છે.

આ વર્ષે એચજીએચ ઇન્ડિયા સન્માનની ત્રણ વિશેષ કેટેગરીઓ રજૂ કરી રહ્યું છે - કન્ટેમ્પરરી, ફ્યુચરિસ્ટિક અને સસ્ટેનેબલ, જે એવા ઉત્પાદનો અને કૉન્સેપ્ટ્સ પર પ્રકાશ પાડશે, જે વિકસી રહેલી ગ્રાહકોની જીવનશૈલી, ભવિષ્યલક્ષી વિચારસરણી તથા જવાબદારીપૂર્વક કરવામાં આવતાં નવીનીકરણનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે. નોમિનેશન્સ હવે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે.

નોમિનેટ કરવામાં આવેલાં તમામ ઉત્પાદનોને હોલ નં. 6માં આવેલા શૉ ફ્લોરના એક અલાયદા પ્રદર્શન વિભાગમાં રજૂ કરવામાં આવશે, જેના દ્વારા ખરીદદારોને એચજીએચ ઇન્ડિયા 2026માં વિવિધ કેટેગરીઓમાં રજૂ કરવામાં આવેલી નવી અને સૌથી ભવિષ્યલક્ષી પ્રોડક્ટ્સ સુધી સીધી પહોંચ પ્રાપ્ત થશે.

વિજેતાઓને એક વિશેષ કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવેલા એચ-સર્કલ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવશે, જેમાં જ્યુરીના સભ્યો, અગ્રણી રીટેઇલર્સ, બ્રાન્ડ્સ, ડીઝાઇનર્સ તથા ટ્રેડ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહેશે, જેનાથી તેમને ઇન્ડસ્ટ્રીમાં મૂલ્યવાન માન્યતા અને ઓળખ પ્રાપ્ત થશે. આ શૉમાં ભાગ લેનારી બ્રાન્ડ્સ અને ઉત્પાદકો માટે આ એવોર્ડ્સ માત્ર સન્માન પૂરતા મર્યાદિત નથી પરંતુ નોમિનેટ થયેલાં ઉત્પાદનોને એચજીએચ ઇન્ડિયાના શૉ ફ્લોર પર યોજવામાં આવી રહેલી ઇન્ડસ્ટ્રીની વિશેષ ચર્ચાઓના કેન્દ્રમાં પણ રાખવામાં આવશે.



## બ્રાન્ડ્સ સ્પોટલાઇટ

એચજીએચ ઇન્ડિયા 2026 વિવિધ કેટેગરીઓમાં સ્થાપિત ઇન્ડસ્ટ્રી લીડર્સ અને ઊભરતી બ્રાન્ડ્સનું સંતુલિત સંયોજન એક જ મંચ પર લાવશે, જ્યારે અગ્રણી દિગ્ગજો તેમના નવા કલેક્શન્સ, નવીનીકરણો તથા વૈવિધ્યસભર પ્રોડક્ટ્સને પ્રદર્શિત કરશે. યુવાનો અને ડીઝાઇન-કેન્દ્રિત બ્રાન્ડ્સની વધતી જઈ રહેલી સંખ્યા પણ આ મંચનો ઉપયોગ નવા આઇડીયા, વિશિષ્ટ પ્રોડક્ટ્સ તથા માર્કેટ પ્રત્યેના નવા દૃષ્ટિકોણને રજૂ કરવા માટે કરી રહી છે. વ્યાપ, અનુભવ તથા નવીનીકરણનું આ સંયોજન એચજીએચ ઇન્ડિયાને હોમ અને લાઇફસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં આવી રહેલા પરિવર્તનોનું એક પ્રાસંગિક પ્રતિબિંબ બનાવે છે. એચજીએચ ઇન્ડિયા ન્યૂઝની આ 2જી આવૃત્તિમાં એચજીએચ ઇન્ડિયા 2026માં ભાગ લેનારી હોમ ટેક્સટાઇલ બ્રાન્ડ્સ અને તેમના કલેક્શન્સને રજૂ કરવામાં આવશે, જે મુલાકાતીઓને આ શૉમાં જોવા મળનારા મુખ્ય ટ્રેન્ડ્સ, નવીનીકરણો તથા વિશિષ્ટ પ્રોડક્ટ્સની એક ઝલક આપશે.

## હોમ ટેક્સટાઇલ્સ હૉલ 6

### બિરલા સેલ્યુલોઝ

સેલ્યુલોસિક ફાઇબરના સૌથી મોટા ઉત્પાદકો પૈકીની એક એવી બિરલા સેલ્યુલોઝ તેના ફાઇબરના નવા પોર્ટફોલિયોને પ્રદર્શિત કરશે, જેમાં લિવેકો લ્યોસેલ અને લિવેકો વિસ્કોસ મુખ્ય છે. આ ફાઇબર્સને આધુનિક ઘરોના ઉપયોગ માટે સસ્ટેનેબિલિટી, ટ્રેસેબિલિટી તથા શ્રેષ્ઠ પર્ફોર્મન્સનું સંયોજન પૂરું પાડવાના ઉદ્દેશ સાથે વિકસાવવામાં આવ્યાં છે. જવાબદારીપૂર્વક સૉર્સ કરીને મેળવવામાં આવેલા વૂડ પલ્પનો ઉપયોગ કરીને ક્લોઝ્ડ-લૂપ પ્રક્રિયા મારફતે ઉત્પાદિત લિવેકો™ લ્યોસેલ કોમળતા, બ્રીધેબિલિટી, પ્રવાહીતા તથા ભેજનું મેનેજમેન્ટ જેવી વિશેષતાઓ પૂરી પાડે છે, જે પ્રિમિયમ હોમ ટેક્સટાઇલ માટે બિલકુલ અનુકૂળ છે. લિવેકો™ વિસ્કોસ સાહજિક આરામ, વૈભવી ડ્રેપ તથા ઇકો-એન્હાન્સ્ડ ક્રેડેન્શિયલ્સનું સંયોજન પૂરું પાડે છે, જેની મદદથી બ્રાન્ડ્સ અને ઉત્પાદકો એવા ઉત્પાદનો વિકસાવી શકે છે, જેમાં સ્ટાઇલ અને જવાબદારીપૂર્વક થતાં ઉત્પાદન વચ્ચે સંતુલન જળવાઈ રહે. હોલ નં. 6માં પ્રદર્શિત કરવામાં આવનારું બિરલા સેલ્યુલોઝ આ નવીનીકરણો દ્વારા ગ્રાહકોની વિકસી રહેલી અપેક્ષાઓ સાથે સુસંગત એવા સસ્ટેનેબલ ટેક્સટાઇલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### માસ્પર

ભારતની અગ્રણી પ્રીમિયમ હોમ ફર્નિશિંગ્સ બ્રાન્ડ્સ પૈકીની એક એવી માસ્પર એચજીએચ ઇન્ડિયાની આ આવૃત્તિમાં અનેક નવા લૉન્ચ કરશે, જેમાં ઇમ્પિરિયલ ગ્રેસ વિન્ટેજ કલેક્શન, ટેન્સેલ બ્લેન્ડ બેડ લિનન તથા કલર બ્લૉક પેચ ક્વિલ્ટ્સનો સમાવેશ થાય છે. ક્લાસિક યુરોપીયન ઇન્ટીરિયર્સની ભવ્યતાથી પ્રેરિત આ વિન્ટેજ કલેક્શનમાં સમૃદ્ધ ડમાસ્ક પેટર્ન્સ, અલંકૃત સ્ક્રોલ્સ તથા લેયર્ડ ટેક્સચર્સનો સમાવેશ થાય છે, જે એક પરિષ્કૃત અને ભવ્ય સૌંદર્યનું નિર્માણ કરે છે. જીઓ પેટર્ન પેચ



ક્વિલ્ટ વધુ સમકાલીન દિશા રજૂ કરે છે, જે આધુનિક સ્ટાઇલિંગને રોજિંદા આરામ અને ચેતનવંતી ડીઝાઇન સાથે જોડે છે. આ કલેક્શનને વધુ સમૃદ્ધ બનાવતું સસ્ટેનેબલ પેકેજિંગ પણ રજૂ કરવામાં આવ્યું છે, જેને રીસાઇકલ કરી શકાય તેવી અને પર્યાવરણને અનુકૂળ સામગ્રીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવ્યું છે.

### બેલાજિયો

સુપર નેટ્સ એન્ડ ફેબ્રિક્સની જાણીતી બ્રાન્ડ્સ બેલાજિયો અને ડેસેનહિસ્ટા, જે સમગ્ર વિશ્વમાંથી મેળવવામાં આવેલા ઉત્પાદનો તથા હોમ અને ફર્નિશિંગના સમકાલીન ઉકેલો માટે જાણીતી છે, તે બેડિંગ,



ફ્લોર કેર તથા હોમ એસેસરીઝ સહિતની વિવિધ પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ રજૂ કરશે. આ પ્રદર્શનમાં ડિજિટલ રીતે પ્રિન્ટ કરવામાં આવેલી પ્રીમિયમ બેડ લિનન, અસમપ્રમાણ કાર્પેટ્સ, આઉટડોર મેટ્સ, શિયાળા માટેના ફર બ્લેન્કેટ્સ અને રજાઈઓ, લિનનમાંથી બનાવવામાં આવેલ બેડિંગ ઉપરાંત સ્ટેનલેસ સ્ટીલ બિન્સ અને સર્વિંગ ટ્રોલીઝની નવી રેન્જનો સમાવેશ થાય છે. આ કલેક્શન પર્ફોર્મન્સ, આકર્ષક દેખાવ તથા રોજિંદી ઉપયોગિતાનું સંયોજન રજૂ કરે છે.

### નૉટિકા

સમગ્ર વિશ્વમાં પોતાના લાઇફસ્ટાઇલ-કેન્દ્રિત હોમ અને લિવિંગ અભિગમ માટે જાણીતી નૉટિકા, નૉટિકા નોમેડને રજૂ કરશે, જે તાત્કાલિક તાજગી અને લાંબા સમય સુધી ટકી રહેતી સુગંધ માટે



વિકસાવવામાં આવેલું એક પ્રીમિયમ કાર ફ્રેગ્રેન્સ સ્પ્રે છે. આ બ્રાન્ડ ડોમ વૉલ ક્લૉક્સ પણ રજૂ કરશે, જે તેના સ્થાપત્યકીય સૌંદર્ય માટે જાણીતી છે અને આધુનિક ભારતીય ઇન્ટીરિયર્સ માટે અનુકૂળ છે. તેની સાથે સી ફ્લો ગિફ્ટ બૉક્સ પણ રજૂ કરવામાં આવશે, જે લાઇફસ્ટાઇલ અને કૉર્પોરેટ ગિફ્ટિંગ માટે સુમેળભર્યા જિમ ટોવેલ્સ અને બૉટલ્સના સંયોજન પર આધારિત એક વિશેષ રીતે તૈયાર કરાયેલ ગિફ્ટિંગ સેટ છે.

### બિયાન્કા

સમગ્ર દેશમાં મજબૂત રીટેઇલ ઉપસ્થિતિ ધરાવતી ભારતની અગ્રણી હોમ ટેક્સટાઇલ બ્રાન્ડ બિયાન્કા, નિનોકો સ્પેન – બામ્બૂ ઇન્ફન્ટ કલેક્શન રજૂ કરશે, જે 100% બામ્બૂ ફેબ્રિકમાંથી બનાવવામાં આવેલું બાળકો માટેનું એક વિશિષ્ટ કલેક્શન છે. આ રેન્જમાં હૂડેડ ટોવેલ્સ, સ્વેડલ્સ, કેરિયર્સ, બિબ્સ, બર્પ ક્લોથ્સ તથા ગિફ્ટ સેટ્સનો સમાવેશ થાય છે, જેને નવજાત શિશુઓની સંભાળ માટે કોમળ અને ત્વચા માટે સુરક્ષિત ઉકેલો તરીકે તૈયાર કરવામાં આવ્યાં છે. બિયાન્કા કાર એરોમાને પણ પ્રદર્શિત કરશે, જે એસેન્શિયલ ઑઇલ હેન્ગિંગ ડિફ્યુઝર છે અને કોઈ પણ પ્રકારના રસાયણ વગર શુદ્ધ એસેન્શિયલ ઑઇલનો ઉપયોગ કરીને તેને તૈયાર કરવામાં આવ્યું છે, જેથી તેની સુગંધ લાંબા સમય સુધી ટકી રહે.

### પેનો

હોમ યુટિલિટી અને ફર્નિશિંગ ઉકેલો પર કેન્દ્રિત પેનો બ્રાન્ડ બાથ મેટ્સ, શાવર મેટ્સ, આઉટડોર મેટ્સ, લૉન્ડ્રી બાસ્કેટ્સ, સ્ટોરેજ બાસ્કેટ્સ, ટ્રેશ કેન્સ, બાથ એસેસરીઝ, ટેબલ મેટ્સ તથા ટ્રિવેટ્સ સહિતની વિવિધ પ્રોડક્ટ્સની રેન્જ રજૂ કરશે. આ કલેક્શન કાર્યક્ષમતા, સમકાલીન સૌંદર્ય તથા લાંબા સમય સુધી ટકી રહે તેવા રોજિંદા ઉપયોગનો સુભગ સમન્વય છે.

### પ્લુચી

પોતાના સમકાલીન હોમ ટેક્સટાઇલ અને ગિફ્ટિંગ કલેક્શન્સ માટે જાણીતી પ્લુચી નવીન ટેક્સચર્સ, સમકાલીન જેક્વાર્ડ પેટર્ન્સ, પ્રીમિયમ સોફ્ટ-ટચ ફેબ્રિક્સ, ક્વિલ્ટેડ બેડકવર્સ, નવા કલર પેલેટ્સ તથા



ગિફ્ટિંગ રેન્જિસ પર આધારિત એક નવું હોમ ટેક્સટાઇલ કલેક્શન રજૂ કરશે. આ કલેક્શનમાં બેડકવર્સ, કમ્ફર્ટર્સ, થ્રોઝ, કુશન કવર્સ તથા સુમેળભર્યા બેડિંગ ઉકેલોનો સમાવેશ થાય છે, જેને રીટેઇલ ક્ષેત્રની વિકસી રહેલી પસંદગીઓને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવ્યાં છે.

### પ્રીમિયર ફાઇન લિનન્સ

ટેક્સટાઇલ ઉત્પાદન ક્ષેત્રે આઠ દાયકાથી વધુની કુશળતા તથા વૈશ્વિક માર્કેટ્સમાં નિકાસનો અનુભવ ધરાવતી પ્રીમિયર ફાઇન લિનન્સ પોતાની પ્રીમિયમ હોમ ટેક્સટાઇલ બ્રાન્ડ બ્લૂ ડાહલિયાને પ્રદર્શિત કરશે, જેને આધુનિક સગવડ, ચતુરાઇભરી ડીઝાઇન તથા સૌને પરવડી શકે તેવી વૈભવી જીવનશૈલીને કેન્દ્રમાં રાખીને વિકસાવવામાં આવી છે.




ફેબ્રિકના પર્ફોર્મન્સ, બ્રીધેબિલિટી, વણાટના માળખાં તથા ઊંઘતી વખતે મળતા આરામ પર વિશેષ ધ્યાન આપીને વિકસાવવામાં આવેલું આ કલેક્શન, સમકાલીન ભારતીય ઘરો માટે ખૂબ જ વિચારપૂર્વક તૈયાર કરવામાં આવેલા બેડિંગ તથા હોમ ટેક્સટાઇલ ઉકેલો પ્રત્યેના બ્રાન્ડના અભિગમને પ્રતિબિંબિત કરે છે.

## પેસિફિક કોટન

ટેક્સટાઇલ ઉત્પાદન ક્ષેત્રમાં લગભગ આઠ દાયકાની કુશળતા ધરાવતી વીટીએમ તેની પ્રીમિયમ બેડ લિનન બ્રાન્ડ પેસિફિક કોટનને પ્રદર્શિત કરશે, જેને ગુણવત્તાસભર કારીગરી, આરામ તથા ઉત્પાદનની સ્થાયી પદ્ધતિઓને કેન્દ્રમાં રાખીને વિકસાવવામાં આવી છે. વર્ટિકલી ઇન્ટીગ્રેટેડ તથા જીઓટીએસ પ્રમાણપત્ર અને ઓઇકેઓ-ટીઇએક્સ પ્રમાણપત્ર ધરાવતી આ મિલ ડોબી, ટ્વિલ, જેક્વાર્ડ, પ્લેન તથા સાટિન વીવ્સ સહિતના વિવિધ પ્રકારના ફેબ્રિક્સના ઉત્પાદનમાં નિષ્ણાત છે. તેના ફાઇબર ઑફરિંગ્સમાં કોટન, ઑર્ગેનિક કોટન, ટેન્સેલ, લ્યોસેલ, બામ્બૂ, લિનન તથા હેમ્પનો સમાવેશ થાય છે. આ કલેક્શન ઉચ્ચ ગુણવત્તાના બેડ લિનન, જવાબદારીપૂર્વક કરવામાં આવતાં ઉત્પાદન તથા હૉમ ટેક્સટાઇલના ક્ષેત્રે થતાં સમકાલીન નવીનીકરણ પ્રત્યે બ્રાન્ડ સતત ધ્યાન આપી રહી હોવાનું દર્શાવે છે.

## બીકેએસ ફેબ્રિક્સ

કોઇમ્બતુર નજીક આવેલા પલ્લાદમની બીકેએસ ફેબ્રિક્સ એક વૈશ્વિક સ્તરે કાર્યરત ટેક્સટાઇલ કંપની છે, જે હોસ્પિટાલિટી તથા રેસિડેન્શિયલ માર્કેટ્સ માટે ઉચ્ચ ગુણવત્તાના ઇન્સ્ટિટ્યૂશનલ બેડ લિનન, હૉમ બેડ લિનન તથા ટેબલ લિનન ઉકેલોમાં નિષ્ણાત છે. અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ તથા ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય ધોરણોની



મદદથી કંપની બેડ લિનનની વ્યાપક રેન્જ તથા ગ્રાહકોની જરૂરિયાત અનુસાર તૈયાર કરવામાં આવેલા લિનન ઉકેલો પૂરાં પાડે છે, જેને આરામ, ટકાઉપણું તથા લાંબા ગાળાના પર્ફોર્મન્સને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યાં છે. સમકાલીન ડીઝાઇન, ફિનિશિંગના ચઢિયાતા ધોરણો તથા વારંવાર કૉમર્શિયલ ધોવાણની પ્રક્રિયાઓ સામે ટકી રહેવાની ક્ષમતાનું સંયોજન ધરાવતું બીકેએસ ફેબ્રિક્સ સતત વૈશ્વિક હોસ્પિટાલિટી અને હૉમ ટેક્સટાઇલ ક્ષેત્રની જરૂરિયાતોને અનુરૂપ વિશ્વસનીય ટેક્સટાઇલ ઉકેલો પૂરાં પાડી રહી છે.

## સ્વાસ

કોઇમ્બતુર સ્થિત અને સસ્ટેનેબિલિટીને કેન્દ્રમાં રાખીને કાર્યરત હૉમ ટેક્સટાઇલ ઉત્પાદક ગ્રીનહૉમ ફર્નિશિંગ્સ પોતાની પ્રીમિયમ બેડ લિનન બ્રાન્ડ 'સ્વાસ'ને પ્રદર્શિત કરશે, જેને આરામ, કુદરતી ફાઇબર્સ તથા મહિલાઓની આગેવાની હેઠળ થતાં ઉત્પાદન જેવા મૂળભૂત સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને વિકસાવવામાં આવી છે. વર્ષ 2012માં સ્થાપિત 'સ્વાસ' કોટન, બામ્બૂ, લિનન, હેમ્પ તથા ટેન્સેલનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવતાં સુંદર અને ત્વચા માટે અનુકૂળ બેડ લિનન્સ તૈયાર કરે છે, જે આધુનિક ઘરો માટે આરામ, પરવડી શકે તેવી વૈભવી જીવનશૈલી તથા જવાબદારીપૂર્વક જીવવાની વિચારધારાનું સંયોજન રજૂ કરે છે.

## કેકેપી ઇન્ડિયા

દક્ષિણ ભારત સ્થિત હૉમ ટેક્સટાઇલ અને બેડિંગ ઉકેલો પૂરાં પાડતી કંપની કેકેપી ઇન્ડિયા બેડશીટ સેટ્સ, ફિટેડ શીટ સેટ્સ, ડ્યુવેટ સેટ્સ, કમ્ફર્ટર સેટ્સ, ફિલ્ડ પિલોઝ, ક્વિલ્ટ્સ, મેટ્રેસ પ્રોટેક્ટર્સ તથા ફૂલ બેડ સેટ્સ સહિતની વિવિધ પ્રોડક્ટ્સની વિશાળ રેન્જને પ્રદર્શિત કરશે. આ કલેક્શનને આરામ, કાર્યક્ષમતા તથા આધુનિક ઘરો અને રીટેઇલ ક્ષેત્રની જરૂરિયાતોને અનુરૂપ સુમેળભર્યા બેડિંગ ઉકેલોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.

## લૂમ હૉમ ટેક્સટાઇલ્સ

ભારતના અગ્રણી નિકાસકારોમાંની એક એવી શબરી કોટન્સ પ્રાઇવેટ લિમિટેડની ઘરેલું બ્રાન્ડ લૂમ હૉમ ટેક્સટાઇલ્સ વર્ષ 1994થી કેરળના કન્નુરની વણાટ પરંપરામાંથી પ્રેરિત હૉમ ટેક્સટાઇલ કલેક્શન્સ વિકસાવી રહી છે. પરંપરાગત કારીગરીને સમકાલીન જાપાનીઝ અને




યુરોપીયન ડીઝાઇનના પ્રભાવ સાથે સંયોજિત કરતી આ બ્રાન્ડ ક્વિલ્ટ્સ, બેડસ્પ્રેડ્સ, કુશન્સ, થ્રોઝ, બાથ અને ડાઇનિંગ લિનન્સ, ટોટ બેગ્સ, લાઇફસ્ટાઇલ એસેસરીઝ તથા કોટન, બામ્બૂ, હેમ્પ અને લ્યોસેલ બ્લેન્ડ્સનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલાં સસ્ટેનેબલ ફેબ્રિક કલેક્શન્સને પ્રદર્શિત કરશે. એસએ8000 અને ઓઇકેઓ-ટીઇએક્સ જેવા સસ્ટેનેબિલિટી પ્રમાણપત્રો તથા ઇન્ટીગ્રેટેડ ઇન-હાઉસ ઉત્પાદન ક્ષમતાથી સમર્થિત આ કલેક્શન આધુનિક જીવનશૈલી માટે આરામ, ટેક્સચર, કાર્યક્ષમતા તથા જવાબદારીપૂર્વક થતાં ઉત્પાદનને પ્રતિબિંબિત કરે છે.

## ઊડાઇ

કરુર સ્થિત અમરાવતી ટેક્સટાઇલ્સ, જે સમગ્ર વિશ્વમાં હૉમ ટેક્સટાઇલ્સ અને ફર્નિશિંગ્સના અગ્રણી નિકાસકારોમાંની એક છે, તે પોતાની સમકાલીન હૉમ ટેક્સટાઇલ બ્રાન્ડ 'ઊડાઇ'ને પ્રદર્શિત કરશે, જે વણાટ-કેન્દ્રિત ડીઝાઇન અને સામગ્રીમાં નવીનીકરણ કરવામાં પાવરધી છે. એચજીએચ ઇન્ડિયાની આ આવૃત્તિમાં આ બ્રાન્ડ પોતાનું નવું વિન્ટેજ



કલેક્શન રજૂ કરશે, જે ભૂતકાળની સુખદ સ્મૃતિઓની યાદ અપાવતાં ઇન્ટીરિયર્સ, અર્થી પેલેટ્સ તથા ક્યારેય જૂની ન થતી ટેક્સટાઇલ ટેકનિકોથી પ્રેરિત છે. આ કલેક્શનમાં યાર્ન-ડાઇડ ફેબ્રિક્સ, ટેક્સચર્ડ જેક્વાર્ડ બેડિંગ તથા વજનમાં હળવા ગૉઝ વીવ્સ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રદર્શનમાં નવીન વેફલ ટેરી ટોવેલ્સ ઉપરાંત બેડ કવર્સ, કમ્ફર્ટર્સ, બેડશીટ્સ, થ્રોઝ તથા ટોવેલ્સ સહિતના બેડિંગ અને બાથ પ્રોડક્ટ્સની એક વિશિષ્ટ રીતે પસંદ કરવામાં આવેલી રેન્જ પણ રજૂ કરવામાં આવશે, જેને સ્પર્શની અનુભૂતિ કરાવતા ટેક્સચર્સ, બ્રીધેબિલિટી ધરાવતા આરામ તથા બહુમુખી આધુનિક સ્ટાઇલિંગને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવી છે.

## એક્સેલ હૉમ

પોતાના ફર્નિશિંગ ફેબ્રિક્સ અને ડેકોર સૉલ્યુશન્સ માટે જાણીતું કોલકાતા સ્થિત એક્સેલ હૉમ 'ધી બજાર કલેક્ટિવ' રજૂ કરશે, જેમાં વૈવિધ્યસભર ઇન્ટીરિયર્સને અનોખી રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં સુમેળભર્યા ફેબ્રિક્સ અને વૉલકવરિંગ્સને એકસાથે લાવીને આરામ, સંસ્કૃતિ તથા કારીગરીથી સમૃદ્ધ અને વૈશ્વિક પ્રેરણાથી પ્રેરિત થઇને અનુભૂતિસભર જગ્યાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ચાર ડીઝાઇન નેરેટિવ્સના આધારે તૈયાર કરવામાં આવેલું આ કલેક્શન આધુનિક ઇન્ટીરિયર્સ માટે સ્તરબદ્ધ અને વૈવિધ્યસભર પ્રોડક્ટ્સનું નિર્માણ કરવા માટેની પ્રિન્ટ્સ, જેક્વાર્ડ્સ, ડોબીઝ, એમ્બ્રોઇડરીઝ, પ્લેન્સ તથા ટ્રિમ્સનું સંયોજન રજૂ કરે છે. એક્સેલ હૉમ વૉલપેપર્સના ક્ષેત્રમાં પણ એક જાણીતું નામ છે અને તે હૉલ નંબર 6માં આવેલા પોતાના બૂથ ખાતે તેની નવી રેન્જને લૉન્ચ કરશે.

## માર્શલ્સ ડીઝાઇન સ્ટુડિયોઝ

ભારતના વૉલકવરિંગ્સ ઉદ્યોગમાં માર્શલ્સના દાયકાઓ જૂના વારસા પર નિર્મિત માર્શલ્સ ડીઝાઇન સ્ટુડિયો અદ્યતન ઉત્પાદન અને ડિજિટલ પ્રિન્ટિંગની ક્ષમતાની મદદથી મ્યુરલ્સ, વૉલકવરિંગ્સ તથા કસ્ટમ રીતે ડીઝાઇન કરવામાં આવેલાં કલેક્શન્સના માધ્યમથી તેના ઓરિજિનલ



વૉલ ડીઝાઇન સૉલ્યુશન્સને પ્રદર્શિત કરશે. પાંચ દાયકાથી વધુનો અનુભવ ધરાવતો માર્શલ્સ સ્ટુડિયો પોતાની ડીઝાઇન ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવી રહ્યો છે, જેમાં નિવાસસ્થાનો, હોસ્પિટાલિટી ગ્રૂપ્સ, રીટેઇલ ચેઇન્સ તથા કૉમર્શિયલ જગ્યાઓ માટે નવા કલેક્શન્સ અને નિયમિતપણે ઉમેરવામાં આવતી નવી રેન્જનો સમાવેશ થાય છે.

## ડૉક્ટર ટોવેલ્સ

કોઇમ્બતુર સ્થિત ડૉક્ટર ટોવેલ્સ કે જે પર્ફોર્મન્સ-કેન્દ્રિત બાથ લિનન ઉકેલો પર કેન્દ્રિત છે, તે અલુફર્ન ટેરી બાથ ટોવેલ તથા બામ્બૂ સ્લબ બાથ ટોવેલ્સને રજૂ કરશે. અલુફર્ન રેન્જમાં અવશોષણ કરવાની ઉત્તમ



ક્ષમતા અને ક્લિનિકલી ટેસ્ટેડ સ્કિન શિલ્ડ ટેકનોલોજીનું સંયોજન કરવામાં આવ્યું છે, જ્યારે બામ્બૂ બ્લેન્ડ ટોવેલ્સને કોમળતા, બ્રીધેબિલિટી તથા રોજિંદા આરામને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવ્યાં છે.

## ગૃહમોય

પાણીપત સ્થિત હોમ ફર્નિશિંગ્સ અને ફ્લોર કવરિંગ્સના એક જાણીતા નિકાસકાર ગોવિન્સ હોમે ભારતીય ઘરેલું માર્કેટ માટે પોતાની બ્રાન્ડ ગૃહમોયને લૉન્ચ કરી હતી. ગૃહમોય હોલ નંબર 6માં આધુનિક નિવાસસ્થાનો માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી કાર્પેટ્સ, રગ્સ



તથા ડીઝાઇનર ડોરમેટ્સની સમકાલીન રેન્જને પ્રદર્શિત કરશે. આ બ્રાન્ડ તેના નવા બેડ એન્ડ બાથ કલેક્શનને પણ રજૂ કરશે, જેમાં બેડશીટ્સ, કમ્ફર્ટર્સ, દોહર્સ, પિલોઝ, કુશન કવર્સ તથા ટોવેલ્સનો સમાવેશ થાય છે, જેને પ્યૉર કોટન, કોટન-રિચ બ્લેન્ડ્સ તથા બામ્બૂ યાર્નનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવ્યાં છે. આ ઉપરાંત, ગૃહમય તેના શૉપ-ઇન-શૉપ રીટેઇલ ડિસ્પ્લે કૉન્સેપ્ટને પણ રજૂ કરશે, જેમાં રેક્સ, ગોન્ડોલાઝ તથા કાર્પેટ સ્ટેન્ડ્સનો સમાવેશ થાય છે. આ કૉન્સેપ્ટને હાઇ-સ્ટ્રીટ રીટેઇલર્સ માટે સુવ્યવસ્થિત ગોઠવણ અને દેખાવની દૃષ્ટિએ આકર્ષક લાગે તેવા રીટેઇલ પ્રેઝન્ટેશન સોલ્યુશન્સને સમર્થન આપવા માટે ડીઝાઇન કરવામાં આવ્યો છે.

## પેપ્સ

ભારતની જાણીતી મેટ્રેસ અને સ્લીપ સોલ્યુશન્સ બ્રાન્ડ્સ પૈકીની એક એવી પેપ્સ 'સિરસ'ને પ્રદર્શિત કરશે, જે બ્રાન્ડ દ્વારા પેટન્ટ કરવામાં આવેલી અને ભારતમાં સૌપ્રથમ વખત રજૂ કરવામાં આવેલી સેગ-રેઝિસ્ટેન્ટ 100% રબરાઇઝ્ડ કોઇર મેટ્રેસ છે. તેને લાંબા સમય સુધી



તેનો આકાર જળવાઇ રહે તથા સતત સપોર્ટ મળી રહે તે રીતે વિકસાવવામાં આવી છે. નવી સેગ-રેઝિસ્ટેન્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તથા 4X લેટેક્સ સ્પ્રેથી વધુ સક્ષમ બનાવવામાં આવેલી આ મેટ્રેસને લાંબા સમય સુધી ઉપયોગમાં લેવા છતાં ઘસારાનું પ્રમાણ ઘટે અને કરોડરજ્જુ યોગ્ય સ્થિતિમાં જળવાઇ રહે તે રીતે તેને ડીઝાઇન કરવામાં આવી છે. ભારતના ગ્રામ્ય વિસ્તારોમાંથી મેળવવામાં આવેલા 100% રબરાઇઝ્ડ કોઇરનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલું આ કલેક્શન પેપ્સ કુદરતી સામગ્રી, બ્રીધેબિલિટી, ટકાઉપણું તથા સસ્ટેનેબલ સ્લીપ સર્ફેસિઝ દ્વારા વધુ આરોગ્યપ્રદ ઊંઘ માટેના માહોલ પ્રત્યે સભાન હોવાનું દર્શાવે છે.

## આઇકો હોમ

અતિશય ફૉમની ઉત્પાદન ક્ષેત્રની કુશળતાથી સમર્થિત કમ્ફર્ટ અને સ્લીપ સોલ્યુશન્સ બ્રાન્ડ આઇકો હોમ બાય અતિશય ફૉમ હોલ નંબર 6માં આધુનિક જીવનશૈલી માટે ડીઝાઇન કરવામાં આવેલી સ્લીપ પ્રોડક્ટ્સની પ્રીમિયમ રેન્જને પ્રદર્શિત કરશે. આ કલેક્શનમાં લક્ઝરી મેમરી ફૉમ મેટ્રેસિસ, ફૂલ જેલ પિલોઝ, એર્ગોનોમિક કુશન્સ, ટ્રાવેલ નેક પિલોઝ તથા નવીન ફૉમ ટેકનોલૉજી અને પ્રીમિયમ સામગ્રીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવેલાં અદ્યતન કમ્ફર્ટ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. આરામ, કરોડરજ્જુને મળતા સપોર્ટ, દબાણમાંથી રાહત તથા કૂલિંગ પર્ફોર્મન્સ પર કેન્દ્રિત આ રેન્જ આધુનિક ઘરો અને હોસ્પિટાલિટી ક્ષેત્ર માટે કાર્યક્ષમતા, સુખાકારી તથા સમકાલીન સૌંદર્યનું અનોખું સંયોજન છે.

## ઓરેસ્ટ

મોલ્ડેડ ફૉમ અને કમ્ફર્ટ ટેકનોલૉજી ક્ષેત્રે કાર્યરત કંપની આઇએસકે ઇન્ટરનેશનલ તેની પ્રીમિયમ કમ્ફર્ટ સોલ્યુશન્સ બ્રાન્ડ 'ઓરેસ્ટ'ને પ્રદર્શિત કરશે, જેને એડવાન્સ્ડ ફૉમ ઇનોવેશન અને આધુનિક સ્લીપ ટેકનોલૉજીને કેન્દ્રમાં રાખીને વિકસાવવામાં આવી છે. વ્યાપક ઉત્પાદન



ક્ષમતાઓ તથા વિશિષ્ટ પ્રીસિશન મશીનરીથી સમર્થિત આ કંપની મેમરી ફૉમ અને કમ્ફર્ટ પ્રોડક્ટ્સની વિશાળ રેન્જને રજૂ કરશે, જેમાં નવી જેલ સીરીઝ, હીટિંગ રેન્જ, બેબી એન્ડ કિડ્સ કલેક્શન તથા પ્રીમિયમ પેટ બેડ્સનો સમાવેશ થાય છે. ઓરેસ્ટ એડવાન્સ્ડ કૂલિંગ ફેબ્રિક્સ, ગ્રાહકોની જરૂરિયાત અનુસાર તૈયાર કરવામાં આવેલાં ફૉમ સોલ્યુશન્સ તથા ગ્રાહક અને હોસ્પિટાલિટી ક્ષેત્રની વિકસી રહેલી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવેલાં એર્ગોનોમિક કમ્ફર્ટ પ્રોડક્ટ્સને પણ પ્રદર્શિત કરશે.

## હોમફુલ સ્ટાઇલ

ઉત્પાદન ક્ષેત્રે ચાર દાયકાથી વધુની કુશળતા ધરાવતી હોમફુલ સ્ટાઇલ એક નવી હોમ ટેક્સટાઇલ બ્રાન્ડ લૉન્ચ કરી રહી છે, જે ચકાસાયેલી ગુણવત્તા, સમકાલીન ડીઝાઇન તથા પ્રોડક્ટ્સ અંગે પારદર્શક માહિતી પૂરી પાડવા પર કેન્દ્રિત છે. આ બ્રાન્ડની માલિકીની ટ્રૂથ લેબલ પહેલ તેની મુખ્ય વિશેષતાઓ પૈકીની એક છે, જે થ્રેડની સંખ્યા, જીએસએમ,



સંકોચન તથા રંગની સ્થિરતા જેવા માપદંડોને આવરી લેતા એનએબીએલ-પ્રમાણિત ટેસ્ટિંગના ડેટા પૂરાં પાડે છે. એચજીએચ ઇન્ડિયા 2026માં લૉન્ચ થનારી આ બ્રાન્ડ બેડ, બાથ અને કમ્ફર્ટ પ્રોડક્ટ્સની એક ખાસ રીતે તૈયાર કરવામાં આવેલી રેન્જને પ્રદર્શિત કરશે, જેને રીટેઇલ, ઇન્સ્ટિટ્યૂશનલ તથા આધુનિક ગ્રાહકોની વિકસી રહેલી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી છે.

## ભદોહી કાર્પેટ્સ

મશીન દ્વારા બનાવવામાં આવતાં રગ કલેક્શન્સ માટે જાણીતી ભદોહી કાર્પેટ્સ આધુનિક સૌંદર્ય, ભવ્ય ટેક્સચર તથા બહુમુખી કલર પેલેટ્સને ધ્યાનમાં રાખીને ડીઝાઇન કરવામાં આવેલી કાર્પેટ્સની પ્રીમિયમ રેન્જને



પ્રદર્શિત કરશે. ગુણવત્તાસભર કારીગરી અને સમકાલીન સ્ટાઇલિંગનું સંયોજન ધરાવતું આ કલેક્શન આધુનિક તેમજ ક્લાસિક ઇન્ટીરિયર્સ માટે ટકાઉ અને ડીઝાઇન-કેન્દ્રિત ફ્લોરિંગ સોલ્યુશન્સ પૂરાં પાડે છે.

## સપના કાર્પેટ-મેટ્સ

ફ્લોર કવરિંગ સોલ્યુશન્સના ક્ષેત્રમાં લાંબા સમયથી કાર્યરત સપના કાર્પેટ-મેટ્સ 500થી વધુ એસકેયુઝમાં ઉપલબ્ધ ચટાઇ મેટ્સ, ડોરમેટ્સ તથા કાર્પેટ્સ સહિતની પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ કલેક્શન સ્ટાઇલ, ઉપયોગિતા તથા વૈવિધ્યતાને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જે કાર્યક્ષમતા અને ગ્રાહકોના વ્યાપક વર્ગની પસંદગીઓ એમ બંનેને સંતોષે છે.


### મુલાકાતીઓનું રજિસ્ટ્રેશન

અમારી સાથે જોડાયેલા રહો અને આ પ્રદર્શનની તારીખો તમારા કેલેન્ડરમાં નોંધી લો.

**30 જૂન – 03 જુલાઇ, 2026**
**બૉમ્બે એક્ઝિબિશન સેન્ટર, મુંબઇ**

**વિનામૂલ્યે રજિસ્ટ્રેશન**
પહેલાં
**20 જૂન, 2026.**

ક્યુઆર કોડ સ્કેન કરો અને
**બચાવો ₹1000/-**

લેટેસ્ટ અપડેટ્સ માટે મુલાકાત લો
**www.hghindia.com**


ઉપર વર્ણવવામાં આવેલી બ્રાન્ડ્સ ઉપરાંત હોલ નંબર 6માં હોમ ટેક્સટાઇલ્સ, મેટ્રેસિસ, રગ્સ, બેડ એન્ડ બાથ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, ડેકોરેટિવ મેડ-અપ્સ, બ્લાઇન્ડ્સ અને કર્ટન્સ જેવી કેટેગરીઓના અન્ય પ્રદર્શકો પણ ભાગ લેશે. તેની સાથે હોમ ડેકોર, હોમ ફર્નિચર તથા હાઉસવેર કેટેગરીઓના પ્રદર્શકો પણ હાજર રહેશે. ઇટાલી, ફ્રાન્સ, ચીન, યુકે તથા સિંગાપોરના આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોને પણ એચજીએચ ઇન્ડિયા ન્યૂઝની આગામી આવૃત્તિઓમાં સ્થાન આપવામાં આવશે.